**ક્રમ:** | ૧૮ |

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૧૫૩

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૦૬/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** **કચ્છના માંડવી શહેરમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર શાળા (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) શરૂ કરવા અંગે**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૫૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

---

**પ્રશ્ન–૧** **નવી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આપવા માટે સરકારશ્રી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને આ ખર્ચ અન્વયે કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે ?**

**જવાબ :**

નવી સરકારી માધ્યમિક શાળા આપવા માટે રાજ્યસરકારના સંપૂર્ણ બર્ડનથી શાળાદીઠ આશરે **રૂ.૩.૫૨ કરોડ** ખર્ચ કરવામાં આવે છે.
જેમાંથી,

- માધ્યમિક શાળામાં ૧ વર્ગના પગાર ભથ્થા પાછળ **વાર્ષિક– રૂ.૧,૭૭,૨૬૬/–**
- બાંધકામ માટે આશરે **રૂ. ૩.૫ કરોડ (૪૧૨૪ ચો.ફૂટ બાંધકામ)**નો ખર્ચ કરવામાં આવે છે.

આ મુજબની ભૌતિક સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

- વર્ગ ખંડ
- વૈકલ્પિક વિષય માટે વર્ગ ખંડ
- આચાર્ય ખંડ, સ્ટાફ રૂમ, કાર્યાલય
- પ્રયોગશાળા
- કમ્પ્યુટર પ્રયોગશાળા
- લાઈબ્રેરી
- વિદ્યાર્થીની રૂમ
- સ્ટાફ માટે, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ શૌચાલય સુવિધા
- વોટર રૂમ

આમ કુલ **૧૦** ઓરડાઓ અને કુમાર–કન્યાઓ તથા વિકલાંગો માટે અલાયદા શૌચાલય તથા વોટર રૂમ આપવામાં આવે છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૫૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા(અબડાસા)**

---

**પ્રશ્ન–૨** **RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) યોજના શું છે ? અને તેની સહાયમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો શું છે?**

**જવાબ :** **RMSA** (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. રાજ્યના અંતરીયાળ વિસ્તાર, આદિજાતી વિસ્તાર, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વિસ્તાર તેમજ એવા વિસ્તારો કે જ્યાં શાળા દૂર હોવાના કારણે કન્યા કેળવણી ઉપર વિપરીત અસર પડે છે એટલે કે જ્યાં શિક્ષણની જરૂરીયાત છે તેવા જરૂરીયાત વાળા વિસ્તારોમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવે છે.

- કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઈ કેન્દ્ર સરકારનો **૬૦ %** અને રાજ્ય સરકારનો **૪૦ %** ફાળો હોય છે. જે માત્ર ધો.૯ અને ૧૦ સુધી જ હોય છે.

આવી RMSA શાળાઓમાં તબક્કાવાર ઉચ્ચતર માધ્યમિકના એટલે કે ધોરણ ૧૧ તથા ૧૨ના ક્રમિક વર્ગ વધારા સરકાર દ્વારા સંપૂર્ણ રીતે **સ્ટેટ બર્ડન** એટલેકે **રાજ્ય પુરસ્કૃત** રીતે ચાલુ કરવામાં આવે છે.

**૧૮**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૫૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા(અંજાર)**

---

**પ્રશ્ન–૩ સળંગ એકમ એટલે શું? અને તેના નિયમો શું છે?**

**જવાબ :**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ બાદ ધોરણ–૮ પ્રાથમિકમાં જવાના કારણે માધ્યમિકમાં ધોરણ ૯ થી ૧૨ના વર્ગો રહ્યા. તેથી **તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીના** નેતૃત્વમાં શૈક્ષણિક અને વહિવટી સરળતા ખાતર **ધોરણ ૯ થી ૧૨નું સળંગ એકમ** ગણવાનું અને આવી શાળાને ‘ઉચ્ચતર માધ્યમિક શાળા’ નામાભિધાન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

જે સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯,૧૦ના વર્ગો ચાલે છે તે શાળાઓમાં ધોરણ–૧૧નો વર્ગ સળંગ એકમ અન્વયે મંજુર કરવામાં આવે છે. ધોરણ–૧૧ના પ્રથમ વર્ગની મંજુરી આપતી વખતે આ બાબતો ધ્યાને લેવામાં આવે છે.

❖ **નોર્મ્સ**

- શાળામાં ધોરણ ૯–૧૦ના સરકારી/ગ્રાન્ટેડ વર્ગો ચાલતાં હોય.
- ધોરણ–૧૦ની વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૫૦ હોય.
- શાળાનું S.S.C. બોર્ડનું છેલ્લા ૩ વર્ષનું સરાસરી પરીણામ ઓછામાં ઓછુ ૫૦% હોય.
- શાળા પાસે પૂરતી ભૌતિક સુવિધા હોય.

વર્ષ ૨૦૨૪–૨૫ માટે ધોરણ ૯ અને ૧૧ વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના તા.૭/૧૨/૨૦૨૩ ઠરાવ ક્રમાંક : ED/COM/e-file/૩/૨૦૨૩/૩૧૬૩/G-૧ થી સરળીકરણ કરવામાં આવેલ છે. તે મુજબ Aadhar Enabled District Information System for education(DISE) અને Child Trackig System(CTS)માં વિદ્યાર્થી સંખ્યા આધારે આપોઆપ વર્ગવધારો મળી જાય તે પ્રકારની સરળ અને પારદર્શક વ્યવસ્થા અમલમાં મૂકવામા આવેલ છે. તે મુજબ માધ્યમિક શાળામાં ધોરણ ૧૧ ના વર્ગ શરૂ કરવા માટે તે માટે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ ની વિદ્યાર્થી સંખ્યા નક્કી કરવામાં આવેલ છે.

# પુરક પ્રશ્નો:-

**પ્રશ્ન ૧ : સરકારી શાળાની જરૂરીયાત હોવા છતાં તેવા વિસ્તારમાં શાળા કેમ શરૂ કરવામાં આવતી નથી?નવી સરકારી શાળાઓ મંજુર કરવાની નીતિ શું છે?**

**જવાબ :**

- વર્ષ ૧૯૯૩ થી ગ્રાન્ટેડ શાળાઓ મંજુર કરવાની નીતિ બંધ થયેલ છે.
- તેમ છતાં અમારી સરકાર દ્વારા કેન્દ્રિય પુરસ્કૃત યોજના RMSA અંતર્ગત કેન્દ્ર સરકાર ના ૬૦ % અને રાજ્ય સરકારનાં ૪૦ % બર્ડનથી નવી શાળાઓ મંજુર કરવામાં આવે છે.
- વધુમાં જ્યાં RMSA યોજનાની શાળાઓ શરૂ ન થઈ શકે તેમ હોય તેવા વિસ્તારોમાં સંપૂર્ણ State Burden થી નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજુર કરવામાં આવે છે, તેની નીતિ આ મુજબ છે.
- કેન્દ્ર સરકારે RMSA(રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) યોજના હેઠળ વર્ષ ૨૦૦૯માં નવી સરકારી શાળા માટે નોર્મ્સ નક્કી કર્યા તે મુજબ જ રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓ પણ મંજુર થાય છે.

**નોર્મ્સ**

(૧) રોડ અંતરને ધ્યાને રાખી ૦૫ કિ.મી.ની ત્રિજ્યામાં સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય ત્યાં

- કેચમેંટ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ ની વિદ્યાર્થી સંખ્યા બિન આદિજાતી વિસ્તાર(ગ્રામ્ય)માં ૭૦ તથા S.C.,S.T.અને E.B.B. (એજ્યુકેશનલ બેકવર્ડ બ્લોક)માં ૫૦ હોય તો.

(૨) શહેરી વિસ્તાર

- ૧૦,૦૦૦ની વસ્તીવાળા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ની વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦ હોય તો.

(૩) ડુંગરાળ, વન-વિસ્તાર, અંતરિયાળ,નદી કે અન્ય ભૌતિક અવરોધ હોય તેવા વિસ્તારો

- રોડ અંતરને ધ્યાને ૦૩ કિ.મી.ની ત્રિજ્યામાં અન્ય સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય.
- કેચમેંટ વિસ્તારનાં વિદ્યાર્થી સંખ્યા ૫૦ હોય તો.

➢ સળંગ એકમ અન્વયે ધો.૧૧ અને ૧૨ વર્ગો મંજુર કરવામાં આવે છે.

**પ્રશ્ન ૨ : વર્ગવધારો કરવામાં આવે તો સરકારશ્રી દ્વારા શું સહાય આપવમાં આવે છે ?**

જવાબ :

ઉચ્ચતર માધ્યમિક એક વર્ગ મંજુર થતાં ૦૨ શિક્ષકોનું મહેકમ મંજૂર થાય છે. આ શિક્ષકોના પગાર–ભથ્થાની સંપૂર્ણ ગ્રાન્ટ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે, ઉપરાંત નિભાવ અનુદાન પણ આપવામાં આવે છે.

**વર્ગ દીઠ અપાતી નિભાવ અનુદાનની વિગત**

| **વર્ગોની સંખ્યા** | **તા.૨/૭/૯૯ થી અપાતી ગ્રાન્ટ** | **વર્ષ : ૨૦૧૩ થી અપાતી ગ્રાન્ટ** | **વર્ષ ૨૦૧૭ થી અપાતી ગ્રાન્ટ** |
|---|---|---|---|
| ૧ થી ૫ | ૧૮૦૦ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ૬ થી ૩૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૩૧ થી વધારે | ૧૦૦૦ | ૧૪૦૦ | ૧૬૫૦ |

**પ્રશ્ન ૩ : વર્ગ વધારો ક્યા સંજોગોમાં નામંજૂર થાય છે? નામંજૂર કરવામાં આવેલ વર્ગ વધારા માટે અપીલની શું જોગવાઈ છે ?**

**જવાબ :**

**નામંજુરીના સામાન્ય કારણો –**

- ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી **૨૪** અને શહેરી વિસ્તારમાં ઓછામાં ઓછી **૩૬** વિદ્યાર્થી સંખ્યા ના હોય
- વર્ગ ખંડનું ક્ષેત્રફળ **૪૦૦ ચો.ફુટથી** ઓછું હોય
- સમયમર્યાદામાં ચલણ ન ભરેલું હોય
- એક જ ધોરણના એકથી વધારે વર્ગો માંગ્યા હોય
- પૂરતી ભૌતિક સુવિધા ન હોય

**અપીલની જોગવાઈ –**

કમિશનર શાળાઓની કચેરી દ્વારા નામંજૂર કરવામાં આવેલ વર્ગ વધારાના હુકમ સામે શાળા મંડળ ઈચ્છે તો **૩૦ દિવસમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગમાં અપીલ** કરી શકે છે.

**પ્રશ્ન ૪ : છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં સરકારી/ગ્રાન્ટેડ/નોન–ગ્રાન્ટેડ(ખાનગી) શાળાના ધોરણ–૯ અને ૧૦ના વર્ગ વધારાની કેટલી દરખાસ્ત મળેલ છે ? તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે ?**

**જવાબ :**

છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં સરકારી/ગ્રાન્ટેડ/નોન–ગ્રાન્ટેડ(ખાનગી) શાળાના ધોરણ–૯ અને ૧૦ના વર્ગ વધારાની એકપણ દરખાસ્ત મળેલ નથી.

**પ્રશ્ન ૫ : છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં સરકારી/ગ્રાન્ટેડ/નોન–ગ્રાન્ટેડ(ખાનગી) શાળાના ધોરણ–૧૧ અને ૧૨ના વર્ગ વધારાની (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) મુજબ કેટલી દરખાસ્ત મળેલ છે ? તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે ?**

**જવાબ :**

છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં સરકારી/ગ્રાન્ટેડ/નોન–ગ્રાન્ટેડ(ખાનગી) શાળાના ધોરણ–૧૧ અને ૧૨ના વર્ગ વધારાની (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ)ની એક પણ દરખાસ્ત મળેલ નથી.

**પ્રશ્ન ૬ :- વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં વિદ્યાર્થીલક્ષી પ્રોત્સાહન માટે સરકારની કઈ કઈ યોજનાઓ છે?**

**જવાબ :**

રાજ્યની નવી શરૂ થયેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, અને જીવ વિજ્ઞાનની **લેબોરેટરીના સાધનોની ખરીદી માટે** લેબોરેટરી દીઠ **રૂ.૧,૫૦,૦૦૦ લાખ મુજબ ૩ લેબોરેટરી માટે શાળાદીઠ રૂ.૪,૫૦,૦૦૦ લાખ** (અંકે ચાર લાખ પચાસ હજાર પુરા) લેખે ગ્રાન્ટ ચુકવવામાં આવે છે.

**પ્રશ્ન ૭ કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં કેટલી સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ (ખાનગી) કન્યા શાળાઓ આવેલી છે ? અને આ શાળાઓમાં કેટલા વર્ગો તથા કેટલા વિદ્યાર્થીઓ છે. ?**

જવાબ :

કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં ૦૨ ગ્રાન્ટેડ કન્યા શાળાઓ આવેલી છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શાળાનું નામ | વર્ગો | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શેઠ ખી.રા.કન્યા વિદ્યાલય,માંડવી | ૧૬ | ૧૦૪૭ |
| ૨ | ગો.હં.ત્રણ ટુકર કન્યા વિદ્યાલય,માંડવી | ૬ | ૩૦૦ |

**પ્રશ્ન ૮ : કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં કેટલી સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ આવેલી છે ?**

**જવાબ :**

**કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં ૪ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ આવેલ છે. જે નીચે મુજબ છે.**

| ક્રમ | શાળાનું નામ | સરકારી/ગ્રાન્ટેડ | વિભાગ |
|---|---|---|---|
| ૧ | ટી.ડી.હાઇસ્કુલ,માંડવી | ગ્રાન્ટેડ | માધ્યમિક |
| ૨ | જી.ટી.હાઇસ્કુલ,માંડવી | ગ્રાન્ટેડ | માધ્યમિક |
| ૩ | એસ.કે.આર.અંગ્રેજી માધ્યમ શાળા,માંડવી | ગ્રાન્ટેડ | માધ્યમિક |
| ૪ | ગો.હં.ત્રણટુકર વિવિધલક્ષી વિદ્યાલય,માંડવી | ગ્રાન્ટેડ | માધ્યમિક |

**પ્રશ્ન ૯ : કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં કેટલી સરકારી/ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે ?**

**જવાબ :**

**કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં ૩ ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | શાળાનું નામ | સરકારી/ગ્રાન્ટેડ | વિભાગ |
|---|---|---|---|
| ૧ | રામકૃષ્ણ હાઈસ્કુલ,માંડવી | ગ્રાન્ટેડ | ઉચ્ચ.માધ્ય. |
| ૨ | ખી.રા.કન્યા વિદ્યાલય,માંડવી | ગ્રાન્ટેડ | ઉચ્ચ.માધ્ય. |
| ૩ | ઝ.ગો.હં.ત્રણટુકર કન્યા વિદ્યાલય,માંડવી | ગ્રાન્ટેડ | ઉચ્ચ.માધ્ય. |

**પ્રશ્ન ૧૦ : કચ્છ જિલ્લામાં માંડવી શહેરના ૫ કિમી. વિસ્તારમાં કેટલી સરકારી/ગ્રાન્ટેડ શાળાઓ આવેલી છે ?**

**જવાબ :**

**કચ્છ જિલ્લામાં માંડવી શહેરના ૫ કિમી. વિસ્તારમાં ૧ ગ્રાન્ટેડ શાળા આવેલ છે. જે નીચે મુજબ છે.**

| ક્રમ | શાળાનું નામ | સરકારી/ગ્રાન્ટેડ | વિભાગ |
|---|---|---|---|
| ૧ | સં.ઉ.મા.શાળા, મસ્કા તા.માંડવી | ગ્રાન્ટેડ | ઉચ્ચ.માધ્ય. |

અગ્રતા ક્રમાંકઃ (૧૮)

તા.૦૬-૦૨-૨૦૨૪

(૧) શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)

(૨) કેશવલાલ શિવદાસ પટેલ (ભૂજ)